ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૨/૦૬/૨૦૧૭

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૯-૩૦ જૂન, બે દિવસ ગુજરાતના પ્રવાસે**

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ તા. ૨૦-૨૧ જૂન, બે દિવસ ગુજરાતના પ્રવાસે**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રાજકોટમાં ભવ્ય રોડ શો**

**"વિશ્વ યોગ દિવસ" નિમિત્તે અમદાવાદ ખાતે આયોજીત યોગના કાર્યક્રમમાં શ્રી અમિતભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહેશે**

---------------------

સાબરમતી આશ્રમની શતાબ્દી વર્ષની ઉજવણી, દિવ્યાંગોને સાધન સહાય વિતરણ, નર્મદાના નીરનાં વધામણાં, રાજકોટ ખાતે ભવ્ય રોડ શો, ઈન્ટનેશનલ ટેક્સટાઈલ એક્ઝિબીશન સહિતના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા આગામી તા. ૨૯-૩૦ જૂનના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ તા. ૨૦-૨૧ જૂન દરમ્યાન સૌરાષ્ટ્ર અને મધ્ય ઝોનના પેજ પ્રમુખ અને બુથ પ્રમુખના કાર્યકર્તા સંમેલન તેમજ "વિશ્વ યોગ દિવસ" નિમિત્તે અમદાવાદ ખાતે યોગના કાર્યક્રમમાં હાજરી આપશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આગામી પ્રવાસ અંગે વિગતો આપતાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમની શતાબ્દી વર્ષની ઉજવણી ચાલી રહી છે ત્યારે આ નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાબરમતી આશ્રમમાં સવારે ૧૦ કલાકે પ.પૂ. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ્ રાજચંદ્રજીની ટપાલ ટીકીટ તેમજ સોનાના સિક્કાનું અનાવરણ કરશે. સાબરમતી આશ્રમ ખાતેના આ કાર્યક્રમમાં ધરમપુર ખાતેના તેમના આશ્રમના અનુયાયીઓ ખાસ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ રાજકોટ ખાતે સાંજે ૪ કલાકે દિવ્યાંગોના કાર્યક્રમમાં હાજરી આપી દિવ્યાંગોને જરૂરી સાધન સામગ્રીનું વિતરણ કરશે, સાંજે ૬ કલાકે "સૌની યોજના" અંતર્ગત આજી ડેમ ખાતે નર્મદાના નીરના વધામણા કરશે, ત્યારબાદ રેસકોર્ષ મેદાન ખાતે વિશાળ જાહેરસભાને સંબોધન કરશે. જાહેરસભા બાદ રાજકોટ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ભવ્ય રોડ-શો યોજાશે. વિવિધ સમાજ, સંગઠનો તથા સામાન્ય જન દ્વારા રોડ-શો દરમ્યાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્યાતિભવ્ય સ્વાગત-સન્માન કરવામાં આવશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી બીજા દિવસે અરવલ્લી ખાતે પાણી પુરવઠા વિભાગની યોજનાનું લોકાર્પણ કર્યા બાદ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે. કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ અમદાવાદ-મણીનગર ખાતેના "ધ અરેના-ટ્રાન્સસ્ટેડીયા સ્ટેડીયમ" ખાતે યુવાઓને માર્ગદર્શન આપશે. સાંજે ૦૫ કલાકે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં આયોજીત "ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ કોન્ફરન્સ એન્ડ એક્ઝિબીશન" કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહી સંબોધન કરશે. આ કાર્યક્રમમાં કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલ દેશભરના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, વારાણસીના વણકરો ખાસ ઉપસ્થિત રહેશે. તેમ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

... ૨ ...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના ૨ દિવસના કાર્યક્રમ અંગે વિગતો આપતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને મધ્ય ઝોનના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવા આગામી તા. ૨૦-૨૧ જૂનના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ બે દિવસના ગુજરાતના પ્રવાસે આવશે. તા. ૨૦ જૂનના રોજ જુનાગઢ ખાતે બપોરે બે કલાકે યોજાનાર સૌરાષ્ટ્ર ઝોન તેમજ તા. ૨૧ જૂનના રોજ ખેડા જીલ્લાના નડીયાદ ખાતે યોજાનાર કાર્યકર્તા સંમેલનમાં કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. આ બુથ સંમેલનમાં મોટી સંખ્યામાં પેજ પ્રમુખશ્રીઓ અને બુથ પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહેશે. ખેડા જીલ્લા ખાતેના નવનિર્મિત જીલ્લા ભાજપા કાર્યાલયનું પણ માન. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ લોકાર્પણ કરશે.

આગામી તા. ૨૧ જૂન "વિશ્વ યોગ દિવસ" છે. આ વખતના યોગ દિવસને યાદગાર બનાવવા તેમજ પરિવારભાવના વધે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ "કલ, આજ ઔર કલ" એટલે કે ત્રણેય પેઢી એક સાથે યોગ કરે તેવો અભિગમ મૂક્યો છે. આ "વિશ્વ યોગ દિવસ" નિમિત્તે અમદાવાદ ખાતે યોજાનાર યોગના કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહેશે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૩ જૂન ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ કાશ્મીરને બચાવવા માટે પોતાના પ્રાણની આહુતિ આપી હતી. આથી દર વર્ષે તા. ૨૩ જૂનને બલિદાન દિવસ તરીકે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને યાદ કરવામાં આવે છે. આ નિમિત્તે ભાજપા દ્વારા સમગ્ર ગુજરાતમાં તેમને શ્રદ્ધાંજલી અર્પવામાં આવશે અને તેમના જીવન ચરિત્ર પર જીલ્લા/મહાનગરોમાં વ્યાખ્યાનમાળા યોજાશે.

તા. ૨૫ જૂન-કટોકટી દિન એ લોકશાહીનો કાળો દિવસ છે. કોંગ્રેસના તે વખતના વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીએ ૨૫ જૂન, ૧૯૭૫માં મધ્ય રાત્રીએ લોકશાહીની હત્યા સમાન દેશમાં કટોકટી લાદી દીધી હતી. લોકશાહીને બચાવવા માટે સમગ્ર દેશમાં અનેક દેશવાસીઓએ પોતાના બલિદાનો આપ્યા હતા, જેલવાસ ભોગવ્યા હતા. ૨૫ જૂનને કાળા દિવસ તરીકે મનાવવામાં આવે છે. તે નિમિત્તે સમગ્ર રાજ્યભરમાં કાર્યક્રમો યોજાશે. તા. ૨૫ જૂન મહિનાનો અંતિમ રવિવાર હોઈ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી મનકી બાત રજૂ કરશે, ત્યારે તમામ બુથોમાં બુથના પ્રમુખ, પેજ પ્રમખ અને કાર્યકર્તાઓ સાથે બેસીને મનકી બાતનું શ્રવણ કરશે. તેમ શ્રી જીતુભાઈ વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૨/૦૬/૨૦૧૭

**પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ તેમજ જીલ્લા/મહાનગરના પ્રભારી-પ્રમુખ-મહામંત્રીશ્રીઓની પ્રદેશ બેઠક યોજાઈ.**

**વિસ્તારક યોજના અંતર્ગત ૪૮ હજાર બુથમાં પાર્ટીના કાર્યકર્તાને સમર્થન મળ્યું તે આપણા માટે ગર્વની વાત છે. - શ્રી વિજયભાઈ રૂપાણી**

**"મજબૂત સંગઠન શક્તિ" એ પાર્ટીનો પ્રાણ છે. - શ્રી વિજયભાઈ રૂપાણી**

**દેશ આજે વૈચારિક લડાઈના મહત્વના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. - શ્રી વી. સતીષજી**

**૪૮ હજાર બુથ વિસ્તારકોનું ભાજપાનું સૈન્ય સાતત્ય અને સક્રિયતા દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવશે. - શ્રી ભુપેન્દ્રજી યાદવ**

---------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, આજરોજ પ્રદેશ કાર્યાલય ખાતે માન. પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં, માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ પ્રભારીશ્રી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવ અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ તેમજ જીલ્લા/મહાનગરના પ્રભારી-પ્રમુખ-મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિસ્તારક યોજનાની સફળતા માટે પ્રદેશની ટીમને અને વિસ્તારકોને અભિનંદન આપીને સમીક્ષા કરવામાં આવી હતી તેમજ આગામી કાર્યક્રમોની ચર્ચા-વિચારણા કરીને તેને ઉપસ્થિત કાર્યકર્તાઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સંગઠન શક્તિ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "મજબૂત સંગઠન શક્તિ" એ પાર્ટીનો પ્રાણ છે. બુથ અને પેજ પ્રમુખ સુધીનું કાર્યકર્તાનું સંગઠનબળ પાર્ટી પાસે છે. સંગઠન એ જ શક્તિ છે ત્યારે સંગઠનબળને આધારિત સમાજના છેવાડાના માનવી સુધી પહોંચી શકાય.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ભાજપાના રાજકીય ઈતિહાસને વર્ણવતા જણાવ્યું હતું કે, અત્યારે આપણો સુવર્ણકાળ ચાલી રહ્યો છે. વાતાવરણ અનુકૂળ છે. પ્રજાને આપણા પર ભરોસો છે. શાસક પક્ષ તરીકે વિસ્તારક યોજના હેઠળ ૪૮ હજાર બુથમાં પ્રવાસ કરનાર પાર્ટીના કાર્યકર્તાઓને જે આવકાર મળી રહ્યો છે. તે પ્રજામાં પાર્ટીની સ્વિકૃતિ બતાવે છે. પાર્ટી પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચાર, ધ્યેય અને તત્ત્વના પાયા પર ઉભી છે એટલા માટે જ પ્રજા ભાજપા સાથે જોડાયેલી છે. દેશમાં આજે કોંગ્રેસ નેસ્ત નાબૂદ થઈ રહી છે. તેમ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ એ ડૂબતું જહાજ છે. મુદ્દાવિહીન અને દિશાવિહીન કોંગ્રેસ સત્તા માટે વલખા મારી રહી છે. પરંતુ ગુજરાતની પ્રજા તેને ઓળખી ચૂકી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજીએ જણાવ્યું હતું કે, દેશ આજે વૈચારિક લડાઈના મહત્વના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. તે સંજોગોમાં ભાજપાના કાર્યકર્તા અને ભાજપાની સરકાર પ્રત્યે લોકોને આશા છે. છેલ્લા ૩ વર્ષના શાસનમાં "માય આઈડીયા ઑફ ઈન્ડીયા"નું પ્રતિબિંબ કેન્દ્ર સરકારની તમામ યોજનામાં દેખાય છે. સ્વચ્છતાનો સંદેશ ફિલ્મોમાં પણ ઝીલાયો છે.

લોકો ભાજપાને જાણે છે અને માને પણ છે. હજુ આપણે આપણા વિચાર-વિકાસ-વ્યાપને વિસ્તારવાનો છે. તેઓએ કાર્યકર્તાઓને સંપર્ક-સંવાદ મજબૂત રાખવા માટે તેમજ વિસ્તૃત કાર્યકર્તા સૂચિ અને સંકલન વધુ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો.

પ્રદેશ બેઠકનો સમારોપ કરતાં પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવે જણાવ્યું હતું કે, ભાજપાના કાર્યકર્તાઓ વિચાર માટે નિકળ્યા હતા. આ વિચાર થકી આપણી ક્ષમતા વિકસી છે. પાર્ટીના વિસ્તાર થકી અને જન કલ્યાણની નીતિઓ થકી સમાજના છેવાડાના માનવીને ઉપર લાવવાનો છે. બુથમાં બધા જોડાયા છે તેમને સતત સંપર્ક માટે કાર્ય યોજના અને રૂચિ અનુસાર કાર્ય સોંપવું જોઈએ. ૪૮ હજાર બુથ વિસ્તારકોનું ભાજપાનું આ સૈન્ય હવે વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવીને પરત આવે ત્યાં સુધી સાતત્ય અને સક્રિયતા રાખવા અનુરોધ કર્યો હતો.

સોશીયલ મીડીયામાં ચાલતા એક વિષય અંગે હળવી શૈલીમાં ટકોર કરતાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ ભાજપાને જાણવા ગીતા અને ઉપનિષદનો અભ્યાસ ચાલુ કર્યો છે. જો તે ખરેખર તેને વાંચીને અભ્યાસ કરશે તો ભાજપાની રાષ્ટ્રવાદી વિચારધારાને સમર્થન આપશે.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાએ જૂન-જુલાઈ મહિનામાં યોજાનાર વિભિન્ન સંગઠનલક્ષી અને પ્રજાકલ્યાણલક્ષી સેવા કાર્યો જેવા કે, મેડીકલ કેમ્પ, વૃક્ષારોપણ, બેટી બચાઓ-બેટી પઢાઓ જેવા આગામી કાર્યક્રમોની માહિતી આપી હતી. તેમજ જીલ્લા/મહાનગરમાં થયેલ કાર્યક્રમોની માહિતી મેળવીને વિવિધ આગામી કાર્યક્રમો માટે સૂચનો મેળવ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ